# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધા:

(૧) કુલસચિવશ્રીની કચેરીનો પરિપત્ર નં.આકૃયુ/રજી/એડીએમ-૩/૬૪૬૦/૧૪, તા. ૧૯-૮-૨૦૧૪

(૨) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનો પરિપત્ર નં.એએયુ/ઓનલાઇન ટુર/૨૧૭/૧૪, તા.૫-૧૧-૨૦૧૪

(૩) કુલસચિવશ્રીની કચેરીનો પરિપત્ર નં.આકૃયુ/રજી/એડીએમ-૩/૯૦૮૩/૧૪, તા.૧૧-૧૧-૨૦૧૪

!! <u>પરિપત્ર</u> !!

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, કોન્ફરન્સ, સેમીનાર, વર્કશોપ, સીમ્પોઝીયમ, એક્ઝીબીશન, ટ્રેનીંગ, મીટીંગ તેમજ યુનિવર્સિટીના કામકાજ અર્થે બહાર જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે અગાઉથી સ્ટેચ્યુટરી જોગવાઇ અનુસાર સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી મેળવવાની હોય છે.

ઉક્ત વંચાણે લીધેલ પરિપત્ર-૩ થી સર્વે કર્મચારી/અધિકારીશ્રીઓને પ્રવાસમાં જવાનું થાય ત્યારે ઓનલાઇન ટુર પ્રોગ્રામ દ્વારા જ મંજૂરી મેળવવાની જાણ કરવામાં આવેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્ટેચ્યુટરી જોગવાઇ અન્વયે સદર ઓનલાઇન ટુર પ્રોગ્રામ મંજૂર થયા બાદ તેના રેકર્ડ સબબ માસિક ટુર રીપોર્ટની પ્રિન્ટ મેળવીને તેના ઉપર વિભાગના વડાની સહી-સિક્કા કરાવી પ્રવાસ ડાયરી સાથે ટી.એ. બીલ રજૂ કરવાનું રહેશે. જ્યારે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તથા આચાર્યશ્રીઓ તેઓની પ્રવાસ ડાયરી પરિપત્ર-૧ મુજબ જાતે મંજૂર કરી શકશે, તેમજ માસિક ટુર રીપોર્ટમાં સહી-સિક્કા કરી શકશે.

વધુમાં પરિપત્ર-૨ અન્વયે સર્વે કર્મચારી/અધિકારીશ્રીઓને જણાવેલ તે મુજબ માહિતી ઓનલાઇન ટુર પ્રોગ્રામમાં તેઓની પ્રોફાઇલની વિગતો પૂર્ણ રીતે ભરી સમયાંતરે અપડેટ કરવાની રહેશે. સદર માહિતી સંબંધિત યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓએ તેઓની કક્ષાએ ખરાઇ કરવાની તકેદારી રાખી ટુર પ્રોગ્રામ અંગેની દરખાસ્ત ધ્યાને લેવી.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવી જારી કરવામાં આવે છે, જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં. આકૃયુ/રજી/એડીઅમ/એ.૩/ ૯૨૩૨ /૧૪
તા. ૧૮-૧૧-૨૦૧૪

કુલસચિવ

નકલ સવિનય રવાના: (જાણ તથા અમલ થવા)

(૧) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.

(૨) યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૩) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

(૪) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ એ.એ.યુ.ની વેબસાઇટ પર મૂકવા સારૂ.